**મુદ્દા નં.૪(૧) (ખ) (૧) : સેક્રેટરી શાખાનું વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજોની વિગતઃ–**

- સુરત મહાનગરપાલિકા સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ત્રણ સત્તાઓ અસ્તિત્વ ધરાવે છેઃ
- સુરત મહાનગરપાલિકા(સામાન્ય સભા)
- સ્થાયી સમિતિ અને...
- મ્યુનિસિપલ કમિશનર.

ધી જી.પી.એમ.સી. એકટની કલમ–૨૦ અને ૨૧ ની જોગવાઈઓને આધિન સ્થાયી સમિતિ અસ્તિત્વમાં આવે છે અને સામાન્ય સભા અને સ્થાયી સમિતિની સભા યોજવા/બોલાવવા માટેના નિયમો/વિનિયમો ધી જી.પી.એમ.સી. એકટ,૧૯૪૯ ની જોગવાઈઓને આધિન "સામાન્ય સભા (સુરત મહાનગરપાલિકા) અને સ્થાયી સમિતિની સભાઓની કાર્યવાહી અંગેના નિયમો–૧૯૮૦" ની પુસ્તિકામાં દર્શાવેલ છે. (એનેક્ષર–૧ અને એનેક્ષર–૧.૧)

આમ, સેક્રેટરી વિભાગ મુખ્યત્વે સામાન્ય સભા, સ્થાયી સમિતિ, જુદી જુદી ખાસ સમિતિઓ અને તદર્થ સમિતિના સંચાલનની કાર્યવાહી વિગેરેને લગતી ફરજો અદા કરતો કમિશનર કચેરી કરતા અલાયદા વિભાગ તરીકે ફરજ બજાવે છે.

- સુરત મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી પછી ચૂંટાયેલા કાઉન્સીલર્સમાંથી જનરલ બોર્ડ (સુરત મહાનગરપાલિકા) ના અધ્યક્ષ તરીકે ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની કલમ–૧૯ ની પેટા કલમ(૧) ની જોગવાઈ હેઠળ ચૂંટણી પછીની પ્રથમ સામાન્ય સભામાં મેયરની પસંદગી કરવામાં આવે છે. તેવી જ રીતે આ મિટીંગમાં ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની કલમ–૨૦ હેઠળ સ્થાયી સમિતિના ૧૨(બાર) સભ્યોની નિમણુંક/પસંદગી કરવામાં આવે છે. ધી જી.પી.એમ.સી. એકટ,૧૯૪૯ ની કલમ–૨૧(૧) ની જોગવાઈ હેઠળ સ્થાયી સમિતિના ૧૨(બાર) સભ્યોમાંથી કોઈ ૧(એક) સદસ્યની સ્થાયી સમિતિની પ્રથમ મિટીંગમાં અધ્યક્ષ તરીકે નિમણુંક કરવામાં આવે છે. સામાન્ય સભા, સ્થાયી સમિતિ અને ખાસ/તદર્થ સમિતિઓને મ્યુ.કમિશનર ધ્વારા રજુ કરાયેલ દરખાસ્તો અંગે નિર્ણય કરવાની સત્તા આપવામાં આવી છે. સામાન્ય સભા, સ્થાયી સમિતિ, ખાસ સમિતિઓ અને તદર્થ સમિતિની કાર્યવાહીઓનું સંચાલન સેક્રેટરી ઓફિસ ધ્વારા કરવામાં આવે છે. સેક્રેટરી વિભાગના વહીવટને લગતા સત્તાધિકારી મ્યુનિસિપલ સેક્રેટરી છે.
- ધી જી.પી.એમ.સી.એકટ,૧૯૪૯ ની કલમ–૩૦ ની જોગવાઈઓ હેઠળ ખાસ સમિતિઓ/તદર્થ સમિતિ અસ્તિત્વમાં આવે છે અને ખાસ સમિતિઓ/તદર્થ સમિતિની સભા યોજવા/બોલાવવા માટેના નિયમો/વિનિયમો ધી જી.પી.એમ.સી.એકટ,૧૯૪૯ ની કલમ–૪૫૭ ની પેટા કલમ–૧ અને ૨ ની જોગવાઈઓને આધિન "જુદી જુદી ખાસ સમિતિઓના સભા સંચાલનના નિયમો ૧૯૮૯" ની પુસ્તિકામાં દર્શાવેલ છે. (એનેક્ષર–૨ અને એનેક્ષર–૨.૧)

- ખાસ સમિતિઓની સત્તા, કાર્યો અને ફરજો સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાના મંજુર થયેલ વિવિધ ઠરાવો અન્વયે તેમજ જુદી જુદી ખાસ સમિતિઓના સભા–સંચાલનના નિયમો ૧૯૮૯ ની પુસ્તિકામાં દર્શાવેલ વિગતો મુજબ ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની વિવિધ કલમો હેઠળ રચાયેલ છે. (એનેક્ષર–૩, એનેક્ષર–૩.૧, એનેક્ષર–૩.૨, એનેક્ષર–૩.૩)
- સેક્રેટરી વિભાગ ધ્વારા સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા, સ્થાયી સમિતિ, વિવિધ ખાસ સમિતિ અને તદર્થ સમિતિ ધ્વારા કરવામાં આવેલ એજન્ડા–ઠરાવના રેકર્ડની નકલની નિભાવણી જે તે વર્ષ પ્રમાણે–ઠરાવ ક્રમાંક પ્રમાણે કરવામાં આવે છે. સદર રેકર્ડની નિભાવણી જુદી જુદી બાબતેના વિષય/ખાતા/વિભાગ પ્રમાણે કરવામાં આવતી નથી. વધુમાં પ્રો–એકટીવ ડીસકલોઝર હેઠળ સેક્રેટરી વિભાગને લગતી માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| **I.** | **Organization , Function & Duties** | ✓ The organization of Surat Municipal Corporation consists of three authorities :<br>• Surat Municipal Corporation (General Board)<br>• Standing Committee<br>• Municipal Commissioner<br>✓ Standing Committee comes into existence as per the provisions of Sec.20 & 21 of the GPMC Act and the Rules and Regulations for conducting the meeting of General Board as well as Standing Committee are under the provisions of the GPMC Act,1949 are as mentioned in the book of the Rules & Regulations to conducting the meetings of General Board & Standing Committee Rules 1980.<br>**Annexure–1 & Annexure –1.1.**<br><br>List of Surat Municipal Councilors<br>http://www.suratmunicipal.gov.in/Corporation/Corp_list<br><br>List of Committees<br>http://www.suratmunicipal.gov.in/Corporation/Committees<br><br>✓ Mayor shall be elected in the First General Board Meeting of SMC under the provision of Sec.19 (1) of GPMC Act, 1949, amongst the councilors elected in General Election as a Chairman of General Board. Simultaneously, 12 members of the Standing Committee shall be selected in the said meeting u/s.20 of the GPMC Act, 1949. Chairman of Standing Committee, shall be elected in the First Meeting of Standing Committee under the provision of Sec.21 (1) of GPMC Act, 1949, amongst the 12 councilors selected as the members of the Standing Committee. General Board, Standing Committee & Special/Adhoc Committees are the authorities to decide the proposals forwarded by the Municipal Commissioner. Municipal Secretary is the Administrative authority with regard to the administration of the Secretary Office.<br><br>✓ Special Committees & Adhoc Committees of the Surat Municipal Corporation comes into existence under the provisions of Sec.30 of the GPMC Act, 1949 and the Rules of conducting the meeting of Special Committees are conferred by sub section 1 of section 457 of the GPMC 1949, under Section 457 (2) of the GPMC Act 1949, which are mentioned in the book of Rules & Regulations of conducting the meeting of various Special Committees, 1989.<br>**Annexure–2 & Annexure –2.1.** |

| | | |
|---|---|---|
| | | List of Committees<br>http://www.suratmunicipal.gov.in/Corporation/Committees<br><br>✓ Powers & Functions and duties of Special Committees are framed under the various sections of the GPMC Act, 1949 which are sanctioned by various resolutions of General Board of Surat Municipal Corporation and which are mentioned in the book known as the Function & Administration Rules of The Special committees 1989.<br>**Annexure–3**, **Annexure –3.1**, **Annexure –3.2** & **Annexure –3.3**. |